GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST.– VALSAD (GUJARAT)

# NEWSLETTER

JAN - JUNE, 2018

Number 13



*My life is My Message*

**PATRON**

Dr R. A. Khimani

**Chief Editor**

Dr R. F. Thakor

Senior Scientist & Head

**Editorial Team**

Shri K. A. Patel

Shri A. R. Patel

Shri L. T .Kapur

Shri M. M. Gajjar

**Support**

Dr. B. M. Patel

Shri P. J. Joshi

Smt P. R. Ahir

Shri P. R. Patel

**Half Yearly Newsletter Published by**

**Gujarat Vidyapith**
**KRISHI VIGYAN KENDRA**
**AMBHETI –396 191**
**Dist. Valsad (Gujarat)**
Phone No. :02633-260055
E-mail: kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

Krushi Unnati Mela– a mega event was organized at ICAR, New Delhi during 16-18, March, 2018 on the theme of doubling of farmers income by 2022 by Govt. of India. On this occasion, National Conference of KVKs –2018 was also organized by ICAR. A large agricultural exhibition showing different agricultural technologies was arranged on Pusa farm. Hon'ble Prime Minister Shri. Narendra Modi, Union Agri. Minister Shri Radhamohan Sing other ministers and many other dignitaries visited this exhibition. Progressive/ Innovative farmers and KVKs were also awarded at time. Mr. Rajesh Shah, progressive farmer of Valsad district was awarded as " Best IARI Farmer". The live web cast of this event was organized at all KVKs in which Hon'ble Prime Minister addressed large gathering of scientist and farmers. He guided farmers to adopt the latest technologies and described the approaches and various schemes implemented by govt. to achieve the goal of govt. to increase farmers income double by 2022. The live webcast of Hon. PM speech was viewed by 300 farmers at KVK premise. Shri. Rameshbhai, President, Kaprada Taluka Panchayat, Dr D. K. Sharma, Res. Sci., NAU, Paria and other dignitaries were remained present on this occasion. Similarly, the programme was also arranged for live interaction of Hon. PM with farmers on 20th June, 2018 in which about 96 farmers were participated.





આઇ.સી.એ.આર., નવી દિલ્હી દ્વારા તા. ૧૬-૧૮ માર્ચ, ૨૦૧૮ દરમ્યાન સરકારશ્રીના ખેડૂતોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાના ઉદેશ્યથી કૃષિ ઉન્નતિમેળાનું આયોજન કરવામાં આવેલ. આ સમયે કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની નેશનલ કોન્ફરન્સ-૨૦૧૮ નું આયોજન થયેલ. પુસા ગ્રાઉન્ડ પર કૃષિની વિવિધ તાંત્રિકત્તાઓ વિશે વિશાળ કૃષિ પ્રદર્શન ગોઠવવામાં આવેલ. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી,કૃષિ મંત્રીશ્રી રાધામોહન સિંહ અને અન્ય મહાનુભાવોએ આ પ્રદર્શનની મુલાકાત લીધેલ. આ તબક્કે પ્રગતિશીલ ખેડૂતો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રોનું સન્માન કરવામાં આવેલ. વલસાડ જિલ્લાના પ્રગતિશીલ ખેડૂત શ્રી રાજેશભાઇ શાહને "બેસ્ટ આઇએઆરઆઇ ફાર્મર" નો એવોર્ડ આપી બહુમાન કરવામાં આવ્યું. કૃષિ ઉન્નતિ મેળામાં માનનીય પ્રધાનમંત્રીના વકતવ્યનું દેશના તમામ કેવીકે ખાતે જીવંત પ્રસારણની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ. તેઓશ્રીએ ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના અભિગમો અને વિવિધ યોજનાઓ વિશે ખેડુતોને માહિતગાર કર્યા હતા. પ્રધાનમંત્રીશ્રીના વકતવ્યના જીવંત પ્રસારણનો કાર્યક્રમ કેવીકે, અંભેટી ખાતે પણ ગોઠવવામાં આવેલ જેમાં ૩૦૦ થી વધુ ખેડૂતોએ ભાગ લીધેલ. કપરાડા તાલુકા પંચાયત પ્રમુખશ્રી રમેશભાઇ, કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરીયાના સંશોધન વૈજ્ઞાનિક ડૉ.ડી.કે.શર્મા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આજ પ્રમાણે માનનીય પ્રધાનમંત્રશ્રીની ખેડૂતો સાથે જીવંત ચર્ચાનો કાર્યક્રમ કેન્દ્ર ખાતે તા. ૨૦ જૂન, ૨૦૧૮ ના રોજ ગોઠવવામાં આવેલ જેમાં ૯૬ થી વધુ ખેડૂતોએ ભાગ લીધેલ.

## Farmers Seminar

### Mango

Seminar on mango production technologies was organized at R. R. Farm, Biliya on 2nd Feb,2018. More than 397 farmers from different villages were participated. Hon'ble Minister (Forest and Tribal Development), GOG, Shri. Ramanbhai Patkar and other dignitaries addressed the farmers and persuade farmers to adopt recommended technologies to increase crop production and income as well. The farmers were guided on different aspects of mango production technologies by Dr. D. K. Sharma (Head, Mango Research Station, NAU, Paria) and the team of scientists of KVK. Agricultural Exhibition was also organized at the sight.





## ખેડૂત શિબીર

### આંબા

આર.આર. ફાર્મ, બિલીયા, તા. ઉમરગામ ખાતે તા. ૦૨.૦૨.૨૦૧૮ ના રોજ આંબા પાકની અદ્યતન તાંત્રિકતાઓ વિશે ખેડૂત સંમેલન ગોઠવવામાં આવેલ. જેમાં જુદા જુદા ગામોના ૩૯૭ થી વધુ ખેડુતોએ ભાગ લીધેલ. માનનીય વન અને આદિજાતી વિકાસ મંત્રીશ્રી રમણભાઈ પાટકર તથા અન્ય મહાનુભાવો દ્વારા ખેડૂતોને કૃષિની અદ્યતન તાંત્રિકતાઓ અપનાવી ઉત્પાદન અને આવક વધારવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ડૉ. ડી.કે.શર્મા, સંશોધન વૈજ્ઞાનિક, નવસારી કૃષિ યુનિવર્સીટી–પરીયા, ડૉ. આર.એફ.ઠાકોર (વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવીકે) તથા કેન્દ્રના તજજ્ઞો દ્વારા ઉપસ્થિત ખેડૂતોને આંબા પાકની વિવિધ તાંત્રિકતાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે કૃષિ પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ.

### Soil Health Management

Farmer Shibirs on soil health management were organized at Ozar and Ambach villages on 26th and 28th March, 2018. More than 352 farmers were guided on different aspects like use of liquid biofertilizers, organic manures, green manures, vermicomposting, integrated nutrient management, etc. by Shri. L.T. Kapur and other scientists of KVK.



### જમીન સ્વાસ્થ્ય વ્યવસ્થાપન

વલસાડ તાલુકાના ઓઝર અને પારડી તાલુકાના અંબાચ ગામે જમીન સ્વાસ્થ્ય વ્યવસ્થાપન વિશે તા. ૨૬ અને ૨૮ માર્ચ, ૨૦૧૮ ના રોજ ખેડૂત શિબીરો ગોઠવવામાં આવેલ જેમાં ૩૫૨ થી વધુ ખેડૂતોએ ભાગ લીધેલ. ઉપસ્થિત ખેડૂતોને કેવીકેના શ્રી. એલ.ટી.કપુર તથા અન્ય વૈજ્ઞાનિકો દ્વારા પ્રવાહી જૈવિક ખાતરો, સેન્દ્રિય ખાતરો, વર્મીકમ્પોસ્ટ, લીલો પડવાશ, સંકલિત ખાતર વ્યવસ્થા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

### Integrated Pest Disease Management

Farmers Shibirs on Integrated Pest Disease Management in mango and vegetable were organized at Lakhmapor and Saronda village on 23rd and 27th March, 2018 respectively. More than 170 farmers were guided on different aspects like use of sex pheromone traps, sticky trap, trap crop, bio pesticides, etc. by Shri. K. A. Patel and other scientists of KVK.



### સંકલિત રોગ જીવાત વ્યવસ્થાપન

પારડી તાલુકાના લાખમાપોર અને ઉમરગામ તાલુકાના સરોંડા ગામે અનુક્રમે આંબા અને શાકભાજી પાકોમાં સંકલિત રોગ જીવાત વ્યવસ્થાપન વિશે તા.૨૩ અને ૨૭ માર્ચ,૨૦૧૮ના રોજ ખેડૂત શિબીરો ગોઠવવામાં આવેલ જેમાં ઉપસ્થિત ૧૭૦ જેટલા ખેડૂતોને કેવીકે ના શ્રી કે.એ.પટેલ તથા અન્ય વૈજ્ઞાનિકો દ્વારા ફેરોમેન ટ્રેપ, સ્ટીકી ટ્રેપ, પિંજર પાક, જૈવિક દવાઓ, વગેરે વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

### Paddy

Seminar on paddy production technologies was organized at KVK on 1st, June, 2018. About 90 farmers of different villages were guided on various aspects like latest varieties, seed treatment, fertilizer and weed management and IPM in paddy crop by Dr Ghoghari, Dr Mistri, Scientists (NAU, Navsari) and Mr. M. M. Gajjar (KVK scientist).



### ડાંગર

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે તા. ૦૧/૦૬/૧૮ ના રોજ ડાંગર પાક પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ. જેમાં ઉપસ્થિત ૯૦ જેટલા ખેડુતોને ન.કૃ.યુ., નવસારીના વૈજ્ઞાનિકશ્રી ડૉ. ઘોઘારી અને ડૉ. મિસ્ત્રી તથા કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રી મિતેશભાઈ દ્વારા ડાંગરની સુધારેલ જાતો, બીજમાવજત, ખાતર વ્યવસ્થાપન, નિંદામણ, રોગ જીવાત વ્યવસ્થાપન, વગેરે વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

## Front Line Demonstration / Field Day

### Crop : Chickpea

Under National Food Security Mission (NFSM), Cluster Frontline Demonstrations on chickpea was conducted on 20 ha (98 farmers) in Dhodhadkuva, Pati and Sadadvera villages during Rabi– 2017-18. Field day was organized at Dhodhadkuva village in which more than 100 farmers and extension personals participated. The demo variety GJG.-3 gave 32.53 % higher yield.



### Crop : Greengram

CFLD on GAM-5 variety of greengram was conducted under NFSM on 30 ha (75 farmers) during summer-2018, Field day was organized at Amdha village in which about 98 farmers participated. The demonstrated var. GAM-5 gave 46.87% higher yield as compared to local variety.



### Crop : Indian bean

FLD on Indian bean was laid down on 4 ha (50 farmers) in Rabi season. Two Field days were organized at Panva and Amdha villages in which 230 farmers participated. The demonstrated var. Guj. Val. 2 gave 35.89 % higher yield as compared to local variety.



### Crop : Sugarcane

FLD on sugarcane was conducted on 10 farmers field at Lakhmapor village of Pardi block. Field day was organized at Lakhmapor village in which 98 farmers were participated. The demonstrated var. CON 04131 gave 12.09 % higher yield as compared to Local variety.



## અગ્ર હરોળ નિદર્શન / ક્ષેત્ર દિન

### પાક : ચણા

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન અંતર્ગત રવી ઋતુમાં ધોધડકુવા, પાટી અને સાદડવેરા ગામે ૨૦ હે. વિસ્તારમાં (૯૮ ખેડુતો) ચણા પાકના નિદર્શન ગોઠવેલ. જે અંતર્ગત ધોધડકુવા ગામે ગોઠવેલ ક્ષેત્ર દિનમાં ૧૦૦ થી વધુ ખેડુતો તથા વિસ્તરણકર્તાઓએ ભાગ લીધેલ. નિદર્શિત જાત જી.જે.જી.૩ માં ૩૨.૫૩ ટકા જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

### પાક : મગ

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન અંતર્ગત ઉનાળુ ઋતુમાં ૩૦ હે. વિસ્તારમાં ૭૫ ખેડુતોના ખેતરે મગની જીએએમ-૫ જાતના નિદર્શન ગોઠવેલ. જે અતર્ગત આમધા ગામે ગોઠવેલ ક્ષેત્ર દિનમાં ૯૮ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ. મગની નિદર્શિત જાત જીએએમ-૫ માં ૪૬.૮૭ ટકા જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

### પાક : વાલ

રવિ ઋતુમાં ૪ હે. વિસ્તારમાં ૫૦ ખેડુતોના ખેતરે વાલની ગુજ. વાલ. ૨ જાતના નિદર્શન ગોઠવેલ. જે અંતર્ગત પાનવા અને આમધા ગામે ગોઠવેલ ક્ષેત્ર દિનોમાં ૨૩૦ જેટલો ખેડુતોએ ભાગ લીધેલ. વાલની નિદર્શિત જાતમાં ૩૫.૮૯ ટકા જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

### પાક : શેરડી

શેરડી પાકની કો.એન.૦૪૧૩૧ જાતના નિદર્શન પારડી તાલુકાના લખમાપોર ગામે ૧૦ ખેડુતોના ખેતરે ગોઠવવામાં આવેલ. જે અંતર્ગત લખમાપોર ગામે ગોઠવેલ ક્ષેત્ર દિનમાં ૯૮ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ. શેરડીની નિદર્શિત જાતમાં ૧૨.૦૯% જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

## FLD(Kharif-2018) અગ્ર હરોળ નિદર્શન (ખરીફ-૨૦૧૮)

| Crop<br>પાક | Variety<br>જાત | Area (ha)<br>વિસ્તાર (હે.) | No of farmers<br>ખેડુતોની સંખ્યા | Villages<br>ગામો |
|---|---|---|---|---|
| Paddy<br>ડાંગર | GAR - 13<br>જી.એ.આર.૧૩ | 24.00 | 120 | Sadadvera, Dhodhakuva, Panchlai, Asma<br>સાદડવેરા, ધોધડકુવા, પંચલાઈ, આસ્મા |
| Nagli<br>નાગલી | G. Nagli 8<br>ગુ. નાગલી - ૮ | 16.00 | 80 | Khoba, Kolvera, Chandvegan<br>ખોબા, કોલવેરા, ચાંદવેગણ |
| Bittergourd<br>કારેલા | F 1 Hybrid<br>હાઈબ્રીડ | 2.50 | 25 | Gorakhada, Avadha<br>ગોરખડા, આવધા |
| Pigeon pea<br>તુવેર | BDN-711<br>બીડીએન-૭૧૧ | 20.00 | 50 | Nanivahiyal, Dhodhadkuva, Arnai<br>નાની વહિયાળ, ધોધડકુવા, અરણાઈ |

## SAC Meeting

28th Scientific Advisory Committee meeting was organized on 27th Feb., 2018 at KVK. Dr R. A. Khimani (Registrar, Gujarat Vidhyapeeth), Dr. G. R. Patel (DEE, NAU, Navsari) and scientist from Navsari Agriculture University, District Agriculture Officer and other officials of line departments and farmers representatives were remained present. Annual Progress Report and Action Plan were discussed in this meeting.



## વૈજ્ઞાનિક સલાહકાર સમિતીની બેઠક

કેન્દ્રની ૨૮મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક તા.૨૭.૦૨.૨૦૧૮ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી ખાતે મળી હતી. જેમાં ડૉ. રાજેન્દ્ર ખીમાણી (કુલસચિવશ્રી, ગૂજરાત વિધાપીઠ), ડૉ.જી.આર.પટેલ (વિ.શિ.નિ., ન.કૃ.યુ., નવસારી) તથા ન.કૃ.યુ. ના વૈજ્ઞાનિકો, જિ.ખે.અ. તથા અન્ય વિભગોના અધિકારીઓ અને ખેડુત પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં કેન્દ્રના વાર્ષિક પ્રગતિ અહેવાલ અને એકશન પ્લાન અંગે ચર્ચા કરવામાં આવી.

## Kisan Kalyan Mahotsav

Kisan Kalyan Mahotsav was celebrated on 2nd May, 2018 in collaboration with Department of Agri., ATMA and NAU, Navsari. KVK participated in various programme. Agriculture exhibition also organized at different places. Kisan Sammelan and agri. Exhibition were arranged at Nanapondha village of Kaparada block, Baroliya village of Dharampur block, Bhilad village of Umargam block and Silvassa. More than 2576 farmers of different villages were participated in these programmes. Hon. Minister, MP, MLAs, other dignitaries and officers/ scientists guided the farmers to adopt latest agriculture technologies to improve their income and to take the advantages of various schemes of government related to agriculture development.







## કિસાન કલ્યાણ મહોત્સવ

ભારત સરકારના માર્ગદર્શન મુજબ કિસાન કલ્યાણ મહોત્સવ અંતર્ગત ખેતીવાડી વિભાગ, આત્મા પ્રોજેકટ અને ન.કૃ.યુ., નવસારીના સંકલનમાં તા. ૦૨/૦૫/૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ વિવિધ કાર્યક્રમોમાં કેન્દ્રના તજજ્ઞો દ્વારા ઉપસ્થિત ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ આ કાર્યક્રમો અંર્તગત ગોઠવાયેલ કૃષિ પ્રદર્શનોમાં ભાગ લીધો. કપરાડા તાલુકાના નાનાપોંઢા ગામે ૪૧૦ ખેડુતો, ધરમપુર તાલુકાના બારોલીયા ગામે ૧૧૩૦ ખેડુતો, ઉમરગામ તાલુકાના ભીલાડ ખાતે ૫૬૦ ખેડુતો અને સેલવાસ ખાતે ૪૭૬ જેટલા ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમોમાં માનનીય મંત્રીશ્રી, સાંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી તથા અન્ય મહાનુભાવો અને અધિકારીઓ દ્વારા ઉપસ્થિત ખેડુતોને અધતન કૃષિ તાંત્રિકતાઓ અપનાવી ઉત્પાદન અને આવક વધારવા માટે માર્ગદર્શન આપવામાં આવેલ.

## Publication

Dr. R.F. Thakor, Senior Scientist and Head, participated in the annual zonal workshop for KVKs of Zone VIII organized at MPKV, Rahuri (Maharastra) during 5-7th May, 2018. On this occasion, a booklet entitled " Technology demonstrations for Climate Resilient Agriculture" prepared by KVK-Valsad was released by dignitaries.



## પ્રકાશન

ઝોન-૮ના કેવીકે માટે મહારાષ્ટ્રના રાહુરી ખાતે તા. ૫-૭, મે., ૨૦૧૮ દરમ્યાન ગોઠવાયેલ વાર્ષિક ઝોનલ વર્કશોપમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. આર.એફ.ઠાકોરે ભાગ લીધેલ. આ પ્રસંગે કેવીકે દ્વારા તૈયાર કરવામાં આવેલ વાતાવરણ આધારિત ખેતી માટે તાંત્રિક નિદર્શનો નામની પુસ્તિકાનું મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવેલ.

**BOOK- POST**

**To,**

**From-**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via Vapi
Ta. Kaparada, Dist. Valsad (Guj.) 396 191